ગાંધીનગર સમાચાર

# ચિલોડા પોલીસે ફિલ્મી ઢબે દારૂની હેરાફેરી કરતી ગાડી પકડી

## રાજસ્થાનથી દારૂ-બિયરનો જથ્થો ભરીને અમદાવાદ લઈ જવાઈ રહ્યો હતો : ક્રુઝ ગાડી તેનું પાયલોટીંગ કરતી હતી : કાચ પર લાકડીઓ મારીને ગાડી પકડવી પડી : ૭.૪૨ લાખના મુદ્દામાલ સાથે ચારની ધરપકડ

ગાંધીનગર, તા. ૯

ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાનનથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી સ્વીફ્ટ ગાડી અમદાવાદમાં માલ પહોંચાડવા નેશનલ હાઈવે નં. ૮ પરથી પસાર થવાની છે અને તે ગાડીનું પાયલોટીંગ ક્રુઝ ગાડીમાં બેસેલા બે શખ્સો કરનાર છે. ચિલોડા પોલીસે ફિલ્મી ઢબે આ ગાડીઓ પકડી પાડી છે. મોડી રાત્રે બેરીકેટીંગ તોડીને દારૂ ભરેલી ગાડીના ડ્રાઈવરે ડીવાડર કુદાવી હતી. તેના કાચ ઉપર લાકડીઓ મારીને પોલીસે ગાડી ઉભી રખાવી હતી. રૂ. ૭.૪૨ લાખના મુદ્દામાલ સાથે ચિલોડા પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી લઈ ઊંડી પુછપરછ શરૂ કરી છે.

ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાની સુચનાથી પીએસઆઈ આર.એસ. રાજપુત તેમની ટીમ સાથે રાત્રે પેટ્રોલીંગમાં હતા ત્યારે દારૂની હેરાફેરી અંગેની પરફેક્ટ બાતમી મળી હતી. સ્વીફ્ટ ડિઝાયર દારૂ-બિયર ભરેલી હતી અને ક્રુઝ ગાડી તેનું પાયલોટીંગ કરતી હતી. ગઈ રાત્રે મહુન્દ્રા પાટીયા પાસેથી



ક્રુઝ ગાડી સાથે બે શખ્સો અમરાઈવાડીના પવન રાજુ ખટીક અને બાપુનગરના જીતુ હેતુ વણઝારા બંનેને પકડી પાડ્યા હતા. તે જે ગાડીનું પેટ્રોલીંગ કરતા હતા તેના ડ્રાઈવરે બેરીકેટીંગ કુદીને ઉભેલી પોલીસને જોતા આડશ તોડીને ડીવાઈડર કુદાવી દીધુ હતુ. પોલીસે ગાડીનો કાચ ફોડી ગાડી ઉભી રખાવી ચાવી ખેંચી લઈને બંને બુટલેગરોને પકડી પાડ્યા હતા. ઉદેપુર વિસ્તારના બંને શખ્સો હરીશ કાલુરામ પાંડોર અને સિકંદર નાથુ તબીયાડને પકડી ગાડી તપાસવામાં આવતા રૂ. ૬૭,૨૦૦ની કિંમતની ૧૬૮ નંગ વિદેશી દારૂની બોટલો, રૂ. ૧૬,૮૦૦ની કિંમતની ૧૬૮ નંગ બિયરના ટીન અને ૫૪ હજારની ૧૮૦ નંગ જીનની બોટલો ઉપરાંત ૩૬૦૦ની ૧૨ નંગ મેજીક મોમેન્ટ વોડકા મળી કુલ ૩૬૦ બોટલ દારૂ અને ૧૬૮ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. બે ગાડી સહીત રૂ. ૭.૪૨ લાખનો મુદ્દામાલ ચિલોડા પોલીસે જપ્ત કરી ચારેયની અટકાયત કરી છે. આ માલ રાજુ મીણાનો હોવાનું તપાસમાં ખુલવા પામ્યુ છે.

### ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લામાં પ્રવેશોત્સવને લઈ ખાલીખમ કચેરીઓને લઈ મુલાકાતીઓ નિરાશ થઈ પરત જઈ રહ્યા છે.

● પ્રવેશોત્સવના બીજા દિવસે ૧૪ વિકલાંગ બાળકોને પ્રવેશ અપાયો છે. તો ૬ બાળકોનું પુનઃ નામાંકન થયું છે.

● ગાંધીનગર જિલ્લા સેવા સદન ખાતે માટલીનું પાણી પણ હવે પીવા મળશે તેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં આવેલ એન્જીનીયરીંગ ઔદ્યોગિક વસાહતના માર્ગનું રિસરફેસીંગ કરવાની માંગ તીવ્ર બની છે. અહિના તમામ માર્ગ તુટી જવા પામેલ છે.

● જિલ્લામાં ગરમીના પ્રકોપને પગલે અત્યારે વીજ માંગમાં ભારેખમ વધારો થવા પામ્યો છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મહત્ત્વની બેઠક આજે મનપામાં મળશે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સર, આ વ્યક્તિ ગુજરાતમાં સીએમ હતાં ત્યારે વાર વાર દિલ્હી જતાં... અને પછી દિલ્હીની ગાદી મેળવી લીધી... અને અહીં ત્રીજી વખત આવ્યા છે...!!

### ડભોડા પોલીસે દારૂની હેરાફેરી કરતો બાઈકચાલક પકડ્યો

ડભોડા પોલીસે ચોક્કસ બાતમીને આધારે બાઈક પર દારૂની હેરાફેરી કરતા વિરા તલાવડી વિસ્તારના શખ્સને પકડી પાડ્યો હતો. રૂ. ૩૦ હજારની કિંમતના બાઈક અને એક મોબાઈલ ઉપરાંત ૩૦ નંગ વિદેશી દારૂની બોટલ મળી કુલ રૂ. ૩૫,૮૦૦ના મુદ્દામાલ સાથે મેલા ભલા ઠાકોરની ધરપકડ કરી પુછપરછ શરૂ કરવામાં આવી છે.

# સરકારી શાળાઓનો વહીવટ ખાનગી સંસ્થાઓને સોંપવા બાબતે 'આપ' પાર્ટીનો વિરોધ

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ આવેદનપત્ર આપ્યું : વિરોધ પ્રદર્શન માટે સોમવારે રેલી યોજવાની તૈયારી : ખાનગી સંસ્થાએ વહીવટ સંભાળ્યા પછી સુધરેલા પરિણામોની અવગણના

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં સરકારી શાળાઓના નીરીક્ષણની જવાબદારી ખાનગી સંસ્થાઓને સોંપવાના પગલે સંસ્થા દ્વારા વહીવટી સરળતા માટે શાળાઓને મર્જ કરવાના પગલાનો આજે આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ વ્યક્ત કરવા જિલ્લા શિક્ષણાધિકારીના કાર્યાલયે પહોંચી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જો કે આ સમયે જિલ્લા શિક્ષણાધિકારી કાર્યાલયમાં ઉપસ્થિત નહોતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે સરકાર દ્વારા સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણના કથળતા જતા સ્તરને કારણે આ શાળાઓનો વહીવટ ખાનગી સંસ્થાઓને સોંપવાનો નિર્ણય લેવાયો હતો. આ નિર્ણય અનુસાર સેક્ટર-૨૨, સેક્ટર-૨૯, સેક્ટર-૨૭, સેક્ટર-૧૬ તથા સેક્ટર-૭ની માધ્યમિક શાળાઓના નિરીક્ષણ તથા વહીવટીની જવાબદારી કડી સર્વ વિદ્યાલયને સોંપવામાં આવી છે. આ પૈકી સે. ૨૨, સે. ૨૭ તથા સે. ૨૯ની શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાને ધ્યાનમાં રાખીને વહીવટી સુગમતા માટે કડી સર્વ વિદ્યાલય દ્વારા સેક્ટર-૧૬ની શાળામાં અભ્યાસક્રમ ચલાવવાનો નિર્ણય લેવાયો હતો. આ સાથે આ શાળાઓના તમામ વિદ્યાર્થીઓ માટે આપ પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, કલેક્ટર તથા મનપાના મેયર સહિત વિવિધ સરકારી કાર્યાલયોમાં વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. આમ દ્વારા સરકારના આ નિર્ણયના વિરોધમાં સોમવારે ગાંધીનગરમાં રેલી યોજી વિરોધ પ્રદર્શનની તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી છે. આ રેલીના આયોજન માટે




સંસ્થા દ્વારા નિઃશુલ્ક પરિવહન સેવા પણ પુરી પાડવાની વ્યવસ્થા કરાઈ છે જેથી વિદ્યાર્થીઓ પર કે વાલીઓ પર કોઈ બોજો પડે નહી. જો કે આમ આદમી પાર્ટી દ્વારા સરકારના આ નિર્ણયનો શિક્ષણના ખાનગીકરણના આક્ષેપ સાથે વિરોધ કરવામાં આવી રહ્યો છે. છેલ્લા ચાર દિવસથી સતત આપ આદમી પાર્ટી દ્વારા વાલીમંડળ તથા જય હિંદ ગૃપના નામે કેટલાક વાલીઓની સહી સાથે આવેદનપત્ર આપવામાં આવી રહ્યાં છે. આવેદનપત્ર આપવા શાળાના કેટલાક વિદ્યાર્થીઓ તથા વાલીઓને પણ સાથે રાખ્યા હતા.

વધુમાં, આમ આદમી પાર્ટી તો મણે સરકારી પરવાનગી મેળવવાની તજવીજ પણ આજે હાથ ધરી હતી. જો કે ખાનગી સંસ્થાએ વહીવટ સંભાળ્યા પછી સરકારી શાળાના બોર્ડના પરિણામમાં સુધારો થયો છે તે બાબતની આપ પાર્ટી દ્વારા અવગણના કરવામાં આવી હતી.

### મુખ્યમંત્રી આજે મહેસાણાના વસઈમાં

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવ-૨૦૧૬ અભિયાનના ત્રીજા દિવસે શુક્રવાર તા. ૧૦ જૂન-૨૦૧૬ના રોજ મહેસાણાના વિજાપુર તાલુકાની વસઈ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ભૂલકાંઓનું શાળા નામાંકન કરાવશે.

### માનવ વિકાસ ક્રેડિટ સોસાયટીની સાધારણ સભા રવિવારે

ગાંધીનગર, તા.૯

માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ. ગાંધીનગરની તા. ૩૧-૩-૨૦૧૬ અંતિત સને ૨૦૧૫-૧૬ની નવમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૨-૬-૨૦૧૬ રવિવારે સવારના ૯-૦૦ કલાકે સોસાયટીની રજિ. ઓફિસ પ્લોટ નં. ૧૭૫૭/૨, સે-૨-ડી ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે તો વાર્ષિક સાધારણ સભામાં સમયસર હાજર રહેવા સોસાયટીના તમામ સભાસદોને મેનેજિંગ ડીરેક્ટર કનુભાઈ પરમાર દ્વારા જણાવાયું છે.

# સેક્ટર-૩૦ નજીક નદીના પુલ પરથી રીક્ષાચાલકે ઝંપલાવ્યુ

## ૫૫ વર્ષીય રીક્ષાચાલકે પડતુ મુકીને કરેલા આપઘાતનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેક્ટર-



૩૦થી ચિલોડા જતા માર્ગ પર આવેલા સાબરમતી નદી પરના પુલ ઉપરથી પાલજ ગામના પ્રૌઢ રીક્ષાચાલકે પડતુ મુકી આપઘાત કરી લીધો હતો. આપઘાત કરવા પાછળનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પેથાપુર પોલીસને ઘટનાની જાણ થતા પોલીસ બનાવસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગરને અડીને આવેલા પાલજ ગામમાં રહેતા ૫૫ વર્ષીય કૌશિકસિંહ મુળસિંહ બિહોલા રિક્ષા ચલાવે છે. આજે સમી સાંજે કોઈ અગમ્ય કારણોસર કૌશિકસિંહ સે-૩૦ નજીક નદીના પુલ પાસે આવીને ઉભા રહી ગયા હતા. અને પુલ ઉપરથી નીચે છલાંગ મારતા સુકી નદીમાં પટકાયા હતા. ગંભીર ઈજાગ્રસ્ત કૌશિકસિંહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જો કે તેમનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. રીક્ષાચાલક કૌશિકસિંહ કરેલા આપઘાત પાછળનું રહસ્ય હજુ અકબંધ છે. જો કે ઘટનાની જાણ થતા પરિવારજનો દોડી આવ્યા હતા અને હોસ્પિટલમાં જ હૈયાફાટ રૂદન ચાલતું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.



પાઈપ લાઈન લીકેજ : ગાંધીનગર શહેરમાં પીવાના પાણીની પાઈપલાઈનનું નેટવર્ક સંતોષકારક રીતે જાળવી રખાયું છે. દર બે - ત્રણ દિવસે શહેરમાં ક્યાંક ને ક્યાંક લીકેજ થતાં પાણી પુરવઠા તંત્ર દોડતું થઈ જાય છે. સુમન ટાવર પાસે આવા જ એક લીકેજ માટે કર્મચારીઓ જહેમત ઉઠાવી રહ્યાં છે.

### ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સર્જકની કેફિયત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આગામી તા. ૧૨મી જુનને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે 'સર્જકની કેફિયત' કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના નાણાકીય સલાહકાર અને કવિ વિજયસિંહ ચાવડાના સ્વરચિત કાવ્યોના મુખ પઠનનો કાર્યક્રમ યોજાશે. આ સાહિત્યિક મહેફીલનો કાર્યક્રમ સાહિત્ય સભાના પ્રમુખ ભરતભાઈ કવિના અધ્યક્ષસ્થાને યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્યરસિકો-ભાવકો અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોને મંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ'એ હાજર રહેવા અનુરોધ કર્યો છે.

# કોમર્સના જુદા જુદા કોર્સ માટે આ વખતે ભારે ધસારો

## અમદાવાદની જુદી જુદી કોમર્સ કોલેજોમાં પ્રવેશની ઓનલાઈન નોંધણી પ્રક્રિયા હાલમાં જારીઃ વિદ્યાર્થીઓમાં જોરદાર ક્રેઝ

અમદાવાદ, તા.૯

યુનિવર્સિટી સંલગ્ન અમદાવાદ શહેરની જુદી જુદી કોમર્સ કોલેજોમાં પ્રવેશ માટેની ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આ પ્રક્રિયા પૂર્ણ થવા આડે સમય છે ત્યારે કોમર્સના જુદા જુદા કોર્સ માટે જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ આ વર્ષે બેઠકોની સંખ્યા કરતા પણ વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી લીધી છે. આ સંખ્યા હજુ પણ વધે તેમ માનવામાં આવે છે. કારણ કે નોંધણીની પ્રક્રિયા હજુ પણ ચાલી રહી છે. ૨૨૦૦૦ બેઠકોની સામે ૨૭૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવી ચુક્યા છે. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૨૮મી મેના દિવસે જાહેર કરવામાં આવ્યું હતું. આ વખતે સામાન્ય પ્રવાહનુ પરિણામ ૫૫.૮૫ટકા રહ્યુ છે. જેથી આ વખતે વિદ્યાર્થીઓનો ધસારો વધારે જોવા મળી રહ્યો છે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોમર્સ ફેકલ્ટીની વિવિધ કોલેજોમાં તા. ૧૨ જુન સુધીમાં વિદ્યાર્થીઓ પોતાનું રજિસ્ટ્રેશન પૂર્ણ થવાને હજુ ત્રણ દિવસની વાર છે. ત્યારે કોમર્સ ફેકલ્ટીમાં ભારે ઘસારો થયો હોવાની સ્થિતિનું નિર્માણ થયું છે. એટલે કે બુધવાર સાંજ સુધીમાં ૨૭૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જે બેઠકોની સંખ્યા કરતા વધુ ૫૮૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેના કારણે શહેરની ટોચની કોલેજોનું મેરિટ ઊંચુ રહે તેવી સંભાવના છે. આ અંગે કોમર્સ ફેકલ્ટીની એડમિશન કમિટીના કો-ઓર્ડિનેટર સૌરભ ચોકસીએ જણાવ્યું હતું કે, રજિસ્ટ્રેશનની પ્રક્રિયા તા. ૧૨ જુને પુરી થશે ત્યાં સુધીમાં હજુ ૧૦૦૦થી ૧૫૦૦ જેટલા રજિસ્ટ્રેશન થાય તેવી સંભાવના છે. જોકે તા. ૧૪ જુને કોમર્સ ફેકલ્ટીનું મેરિટ લિસ્ટ જાહેર કરાશે તેમજ તા. ૧૮ જુનથી મોક રાઉન્ડની પ્રક્રિયાનો પ્રારંભ થશે અને તા. ૨૩ જુનથી કોલેજોમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરી દેવાશે.

### ગુલબર્ગ હત્યાકાંડ : સજા અંગે ચુકાદો આજે જાહેર

અમદાવાદમાં ખાસ ટ્રાયલ કોર્ટે આજે ફરી એકવાર સનસનાટીપૂર્ણ ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં ૨૪ અપરાધીઓની સજા અંગે ચુકાદો આપ્યો ન હતો. હવે આવતીકાલે ચુકાદો જાહેર કરવામાં આવશે. આજે ચુકાદો આવતીકાલ સુધી ટાળી દેવામાં આવ્યો હતો. આજે જોરદાર દલીલો ચાલી હતી. અપરાધીઓ તરફથી અભર ભારદ્વાજે દલીલો કરી હતી અને સુપ્રીમ કોર્ટમાં ચુકાદાનો ઉલ્લેખ કર્યો હતો.

# કોંગ્રેસ મોંઘવારીના મુદ્દે સાયકલ યાત્રા યોજશે

ગાંધીનગર, તા. ૯

અચ્છે દિનના વાયદા કરી સત્તા સ્થાને બેસી ગયેલી રાજ્ય અને કેન્દ્રની ભાજપ સરકારના શાસનમાં છેલ્લા એક મહિનામાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૬ ટકા જેટલો કમરતોડ ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે. જેનાથી દેશની ગરીબ અને મધ્યમ વર્ગીય પ્રજામાં આક્રોશની લાગણી ફેલાઈ છે. જેને ઉજાગર કરવા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ચારેય તાલુકા મથકે વિરોધ પ્રદર્શન તેમજ જનજાગૃતિ માટે તા. ૧૦, ૧૧, ૧૨-૬-૨૦૧૬ ત્રણ દિવસ સાયકલ યાત્રા યોજવામાં આવશે.

આ બાબતે વધુ માહિતી આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે તા. ૧૦-૬-૧૬ના રોજ સવારે ૯.૩૦ કલાકે સાયકલ યાત્રા પેથાપુર ચોકડીથી પ્રસ્થાન કરી પેથાપુર શહેરમાં ફરીને મામલતદારશ્રી ગાંધીનગરની કચેરીએ આવેદનપત્ર આપવા જશે. તારીખ ૧૧-૬-૧૬ના રોજ સવારે ૯.૩૦ કલાકે દહેગામ ખાતે ધારાસભ્યના કાર્યાલયથી શરૂ થઈને દહેગામ શહેરમાં તેમજ સાંજે ૪.૦૦ કલાકે માણસા કોંગ્રેસ કાર્યાલયથી સાયકલ યાત્રા શરૂ થઈ સમગ્ર માણસા શહેરમાં ફરશે. તા. ૧૨-૬-૧૬ના રોજ સવારે ૯.૩૦ કલાકે સાયકલયાત્રા પાલિકા બજાર કલોલ સ્થિત ધારાસભ્યના કાર્યાલયથી શરૂ થઈ કલોલ શહેરમાં ફરશે.

# ડિગ્રી એન્જિનિયરિંગ પ્રવેશની નોંધણી પ્રક્રિયા પરિપૂર્ણ

અમદાવાદ, તા.૯

ડિગ્રી એન્જિનિયરિંગ માટે મેરિટ લિસ્ટ ક્યારે જાહેર થશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો હવે અંત આવી ગયો છે. ડિગ્રી એન્જિનિયરિંગ માટે મેરિટલિસ્ટ ૧૫મીએ જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જ્યારે મોકરાઉન્ડની શરૂઆત ૧૬મીથી શરૂ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી મુજબ વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટેની ઓનલાઈન નોંધણીની પ્રક્રિયા પરિપૂર્ણ કરી લેવાઈ છે. એસીપીસી દ્વારા ૧૫મીના દિવસે મેરિટ લિસ્ટ જાહેર કરાશે. જે વિદ્યાર્થીઓ ઈબીસીનો લાભ લેવો હોય તે વિદ્યાર્થીઓ તા. ૧૫ જુન સુધીમાં ઈબીસી સર્ટિફિકેટનું વેરિફિકેશન કરાવી લેવા જણાવાયું છે. આ વર્ષે પણ ત્રણ હજારથી વધુ બેઠક ખાલી પડી રહે તેવું હાલના સંજોગોમાં જણાઈ રહ્યું છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ રાજયની વિવિધ ડિગ્રી ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જે હવે પૂર્ણ થઈ ગઈ છે. ઓનલાઈન રજિસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ થતાં રાજયની વિવિધ કોલેજોની ૭૧,૦૦૦થી વધુ બેઠકોની સામે ૪૬,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેના કારણે આ વર્ષે પણ ત્રણ હજારથી વધુ બેઠકો ખાલી પડી રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.